ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૨
તારીખ :- ૧૮/૦૨/૨૦૨૬

## અમદાવાદ મેટ્રોનો હાલ ૬૮ કિમીનો રૂટ

# મેટ્રોનું સૌથી વધુ નેટવર્ક ધરાવતા શહેરમાં અમદાવાદ છઠ્ઠા સ્થાને

અમદાવાદ,શનિવાર

અમદાવાદમાં એપીએમસીથી-ગાંધીનગરના મહાત્મા મંદિર વચ્ચે મેટ્રો ટ્રેન દોડતી થઈ ગઈ છે. આ સાથે જ અમદાવાદમાં મેટ્રો ટ્રેનનો રૂટ હવે ૬૮ કિલોમીટર છે. સૌથી વધુ લંબાઈનો મેટ્રો રૂટ ધરાવતા શહેરમાં અમદાવાદ છઠ્ઠા સ્થાને છે.

## સૌથી વધુ નેટવર્ક ધરાવતા ટોચના ત્રણ શહેરમાં દિલ્હી, બેંગાલુરુ અને મુંબઈનો સમાવેશ

હાલ દેશમાં સૌથી લાંબા રૂટમાં મેટ્રો દોડતી હોય તેમાં દિલ્હી ૩૫૩.૨૦ કિલોમીટર સાથે મોખરાનું, બેંગાલુરુ ૯૬.૧૦ કિલોમીટર સાથે બીજું જ્યારે મુંબઈ ૮૦.૪૩ કિલોમીટર સાથે ત્રીજું સ્થાન ધરાવે છે. મેટ્રો ફેઝ-૨ પૂર્ણ થતાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા વિકસિત ૬૮ કિમીનું મેટ્રો નેટવર્ક હવે ૫૩ સ્ટેશનોને આવરી લેશે. ઓક્ટોબર ૨૦૨૨થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન કુલ ૧૧.૫૦ કરોડથી વધુ મુસાફરોએ અમદાવાદ મેટ્રોમાં મુસાફરી કરી છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન દર મહિને સરેરાશ ૧૨થી ૨૭ લાખ મુસાફરોએ મેટ્રોનો ઉપયોગ કર્યો હતો. આ સંખ્યા ૨૦૨૪માં વધીને માસિક અંદાજે ૨૭થી ૩૫ લાખ નોંધાઈ હતી.

### કયા શહેરમાં મેટ્રોના સૌથી વધુ નેટવર્ક ?

| શહેર | નેટવર્ક |
|---|---|
| દિલ્હી | ૩૫૩.૨૦ કિમી |
| બેંગાલુરુ | ૯૬.૧૦ કિમી |
| મુંબઈ | ૮૦.૪૩ કિમી |
| કોલકાતા | ૭૩.૮૯ કિમી |
| હૈદરાબાદ | ૬૯.૨૦ કિમી |
| અમદાવાદ | ૬૨.૭૩ કિમી |
| ચેન્નાઈ | ૫૪.૧૦ કિમી |
| નાગપુર | ૩૮.૨૨ કિમી |
| પૂણે | ૩૨.૯૭ કિમી |